પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૫ | ૬ મે, ૨૦૨૨, શુક્રવાર; વૈશાખ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ગ્રીષ્માના હત્યારા ફેનિલને ફાંસીની સજા

સુરતના ચકચારી હત્યા કેસમાં સુરત કોર્ટનો ચુકાદો : ગ્રીષ્માને તેની સોસાયટી બહાર પાડોશીઓ અને લોકોની હાજરીમાં ચાકુ ગળા પર ફેરવીને હત્યા કરી નાખી હતી

સુરત, તા.૫

સુરતના ચકચારી ગ્રીષ્મા વેકરિયા હત્યા કેસના દોષિત ફેનિલ ગોયાણીને સુરતની કોર્ટે ફાંસીની સજા સંભળાવી છે. ૧૨ ફેબ્રુઆરીના દિવસે પાસોદરામાં ગ્રીષ્માને તેની સોસાયટીના બહાર પાડોશીઓ અને લોકોની હાજરીમાં ચાકુ ગળા પર ફેરવીને હત્યા કરી નાખી હતી. આ ઘટનામાં ગ્રીષ્માને બચાવવા માટે વચ્ચે પડેલા તેના ભાઈ અને કાકા પર પણ ફેનિલે જીવલેણ હુમલો કર્યો હતો. ૩૦૨ની કલમ હેઠળ ફેનિલ સામે ડે-ટુ-ડે સુનાવણી ચાલી હતી, અને ૨૧ એપ્રિલના રોજ ફેનિલને હત્યા કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. અગાઉ ફેનિલની સજાની સુનાવણીની તારીખો પડી હતી પરંતુ કેટલાક કારણોથી તેની સજાનું એલાન અટકી ગયું હતું.

એક તરફી પ્રેમમાં પાગલ ફેનિલે ગ્રીષ્માની હત્યા કરી હતી તે ઘટના એટલી ક્રૂર હતી કે લોકો દ્વારા આ કેસમાં આરોપીને ફાંસીની સજા થાય તેવી માગણી કરવામાં આવી હતી. આરોપી ફેનિલને કડક સજા થાય તે માટે તાત્કાલિક તેને ઝડપીને આ કેસમાં એ જ ઘડીથી તપાસ શરુ કરી દેવામાં આવી હતી.

આ કેસમાં ૧૬ જેટલા મહત્વના પુરાવા રજૂ કરીને આરોપીને ફાંસીની સજા થાય તેવી રજૂઆતો કરાઈ હતી. ગ્રીષ્માના પરિવાર સહિત સમાજે પણ આરોપીને કડકમાં કડક સજા થાય તેવી માંગણીઓ કરી હતી.

આ કેસ ડે-ટુ-ડે ચલાવવામાં આવ્યો હતો જેમાં લગભગ ૭૦ દિવસ સુધી તેની ટ્રાયલ ચાલી હતી. સરકારી વકીલે જણાવ્યું હતું કે આ કેસમાં ફેનિલને ફાંસી સજા થાય તેવી માગણી કોર્ટ સમક્ષ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

આરોપી ફેનિલ ગોયાણી હસતા મોઢે કોર્ટમાં હાજર થયો

આ કેસમાં ૭૦ દિવસ સુધી ડે-ટુ-ડે કાર્યવાહી હાથ ધરાઈ, ૧૦૦ જેટલા સાક્ષીના નિવેદનો અને મેડિકલ પુરાવા રજૂ

સુરત , તા.૫

ગ્રીષ્મા હત્યા કેસમાં ફેનિલ ગોયાણીને ફાંસીની સજાનું કોર્ટે એલાન કર્યા પછી સરકારી વકીલ નયન સુખડવાલાએ વિગતે ઘટના અને કોર્ટમાં ચાલેલી કાર્યવાહી અંગે જણાવ્યું છે. આ સાથે તેમણે અહીં કેસને લગતી મહત્વની બાબતો જણાવી હતી. કોર્ટે આ કેસમાં એક મહત્વની વાત કરીને જણાવ્યું કે આ 'રેરેસ્ટ ઓફ ધ રેર' કેસ છે, જેથી આરોપીને અંતિમ શ્વાસ સુધી ફાંસીના માચડા પર લટકાવી રાખવાની કડક સજા કરી છે. આજે જ્યારે ફેનિલને કોર્ટમાં લાવવામાં આવ્યો તો તેને કોઈ વાતનો અફસોસ ના હોય તે રીતે હસતો હસતો કોર્ટના પગથિયા ચઢી રહ્યો હતો. નોંધનીય છે કે આ કેસમાં ૭૦ દિવસ સુધી ડે-ટુ-ડે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં ઘટનાનો વિડીયો સહિત ૧૦૦ જેટલા સાક્ષીના નિવેદનો અને મેડિકલ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. હત્યા કેસ બાદ તાત્કાલિક આ કેસની ૨૫૦૦ પાનાની ચાર્જશીટ અને ૧૨૦ દસ્તાવેજી પુરાવા સુરતની ફાસ્ટ ટ્રેક કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા..

કોર્ટે ૧૨ ફેબ્રુઆરીએ સુરતના પાસોદરામાં જાહેરમાં ફેનિલ ગોયાણીએ ગ્રીષ્માના ગળા પર ચાકુ ફેરવીને તેની નિર્મમ હત્યા કરી હતી, રિપોર્ટ્સ મુજબ આરોપીને સજા સંભળાવતી વખતે કોર્ટે ટાંક્યું હતું કે, આ અધમ અને અમાનવીય કૃત્ય છે, આરોપીને મૃત્યુ દંડ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી તેમ પણ કોર્ટે નોંધ્યું હતું.

ફેનિલને પોલીસના વાહનમાં જ્યારે કોર્ટ પરિસરમાં લવાયો તે પછી જ્યારે તે કોર્ટ તરફ ચાલીને જતો હતો ત્યારે હસતો દેખાયો હતો. ઘૃણાસ્પદ કૃત્ય કર્યા પછી પણ જાણે કોઈ અફસોસ ના હોય તે રીતે તે હસતા-હસતા કોર્ટના દાદરા ચઢી રહ્યો હતો.

ફેનિલને ફાંસીની સજાથી ગ્રીષ્માનો પરિવાર ખુશ

સુરત, તા.૫

શહેરના ચકચારી ગ્રીષ્મા વેકરીયા હત્યા કેસમાં દોષિત ફેનિલ ગોયાણીને સુરતની કોર્ટે ફાંસીની સજા સંભળાવી છે. કોર્ટના આ નિર્ણય બાદ ગ્રીષ્માનો પરિવાર કહી રહ્યો છે કે, તેઓ આ નિર્ણયથી ખૂબ જ ખુશ છે. બીજી તરફ, ગ્રીષ્માના પિતાએ એવી આશા વ્યક્ત કરી કે, હવે ફેનિલને ફાંસીએ લટકાવી દેવાય એ જ ઈચ્છા છે. જેથી કરીને દેશની દીકરી સાથે આવું કૃત્ય કરતા પહેલાં કોઈ પણ અચકાય. મહત્વનું છે કે, રેરેસ્ટ ઓફ ધ રેરેસ્ટ કેસ ગણીને દોષિક ફેનિલને ફાંસીની સજા સંભળાવાઈ છે. ફેનિલ ગોયાણીએ ૧૨ ફેબ્રુઆરીના રોજ પાસોદરામાં જાહેરમાં જ ગ્રીષ્માના ગળા પર ચાકૂ ફેરવીની હત્યા કરી નાખી હતી. ૨૧ એપ્રિલના રોજ ફેનિલને આ હત્યા કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. જો કે, અગાઉ ફેનિલની સજાની સુનાવણીની તારીખો પડી હતી પણ કટેલાંક કારણોસર સજાનું એલાન અટકી ગયું હતું. સુરતના ગ્રીષ્મા હત્યા કેસે ગુજરાતમાં ભારે ચર્ચા જગાવી હતી. એક તરફી પ્રેમમાં પાગલ ફેનિલ ગોયાણીએ ગ્રીષ્માની નિર્મમ હત્યા કરી નાખી હતી. જે બાદ હત્યારા ફેનિલને ફાંસીની સજા થાય એવી માંગ ઉઠી હતી. ત્યારે લોકોની આશા આજે ખરેખરમાં વાસ્તવિકતામાં પરિણમી છે.

રાજ્યમાં જઘન્ય ગુનાઓ કરનારને કોઈ સ્થાન નથી : હર્ષ સંઘવી

ગાંધીનગર, તા.૫

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ છે કે રાજ્યના નાગરિકોને વધુ સુરક્ષીત કરવા ના મક્કમ નિર્ધાર સાથે મુખયમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે. ગુજરાતમાં જઘન્ય અપરાધ કરવાવાળાને કોઇ સ્થાન નથી. આવા અપરાધોને રાજ્ય સરકાર સાંખી લેશે નહીં. રાજ્ય સરકારની દ્રઢ ઇચ્છાશકતીના પરિણામે તાજેતરમા સુરત ખાતે થયેલ ગ્રીષ્માના હત્યા કેસમાં નામ.કોર્ટ દ્વારા માત્ર ૭૦ દિવસમાં આ ગુનાને રેરેસ્ટ ઓફ ધ રેર ગણીને આરોપીને ફાંસીની ફરમાવી છે. તે રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

ગૃહ મંત્રીએ ઉમેર્યુ કે, ગુજરાતમાં આવા જઘન્ય ગુનાઓ કરનારને રાજ્ય સરકાર ક્યારેય બક્ષવા માંગતી નથી. આજે આવેલ આ ચૂકાદાનો ભય કોઇપણ ગુનો કરનાર આરોપીના મગજમાં રહેશે. જેના પરીણામે ગુનો કરતા ફફડશે. ગ્રિષ્માના માતા-પિતાને તેમના ઘરે જઇ ઝડપી ન્યાય અપાવવા મે આપેલુ વચન આજે પુર્ણ થયું છે.

ભારતમાં કોરોનાથી ૩૩ લાખ લોકોના મોત થયા : WHOનો મોટો ઘટસ્ફોટ

ગુરુવાર તા.૫

૨૦૨૦થી ડિસેમ્બર ૨૦૨૧ વચ્ચે વિશ્વના કુલ ૧.૪૯ કરોડ લોકો કોરોનાની મહામારીના કારણે મૃત્યુ પામ્યા હોવાનો આંકડો આજે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ જાહેર કર્યો છે એટલે કે કુલ ૭૩૦ દિવસમાં દૈનિક ૨૦,૪૧૧ વ્યક્તિઓ આ જીવલેણ બીમારીનો ભોગ બની હોવાનું ભયાવહ સત્ય બહાર આવ્યું છે. WHOએ આજે જાહેર કરેલા આંકડા અગાઉના પોતાના જ અંદાજો કરતા ત્રણ ગણા વધુ છે.

દરમિયાન, સત્તાવાર રીતે આજની સ્થિતિએ પણ ભારત સરકારના સત્તાવાર આંક અનુસાર કોરોનાનો મૃત્યુઆંક આ અહેવાલ અનુસાર ટોચના ૧૦ દેશોમાં જ મૃતક ૧.૫૬ કરોડમાંથી ૭૦ ટકાનો સમવેશ થાય છે. આ અંદાજ અનુસાર ભારતે અત્યાર સુધી ૪,૮૧,૦૦૦ વ્યક્તિઓ આ સમયમાં મૃત્યુ પામ્યા હોવાનું જાહેર કર્યું છે પણ WHOની પદ્ધતિ અનુસાર ભારતમાં ૩૩ લાખથી ૬૫ લાખ વ્યક્તિઓ મૃત્યુ પામી હોય એવી શક્યતા છે એમ ઉઊઁએ આજે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું. અગાઉ, ન્યૂ યોર્ક ટાઈમ્સના જુલાઈ ૨૦૨૧ના એક અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ભારતમાં કોરોનાના કારણે ૩૦ લાખ વ્યક્તિના મુત્યુ થયા છે અને એ સમયે તે ભારતના સત્તાવાર આંક કરતા ૧૦ ગણો વધારે હતો. ભારત સરકારે જોકે, આ અહેવાલનું ખંડન કર્યું હતું અને આ અખબારની પદ્ધતિ સામે સવાલ ઉભા કર્યા હતા. આજે જયારે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ પોતે સત્તાવાર રીતે એવી જાહેરાત કરી છે ભારત સરકારના સત્તાવાર આંક કરતા વાસ્તવિક મૃત્યુઆંક ઘણો મોટો છે ત્યારે હવે કેન્દ્ર સરકાર કેવી રીતે અહેવાલ અંગે મંતવ્ય આપે છે તે જોવાનું રહ્યું. અહી ઉલ્લેખનીય છે કે ભારતની સુપ્રીમ કોર્ટમાં કોરોનાના મૃતક પરિવારને વળતર ચુકવવા માટે થયેલી અરજીમાં કોર્ટે ભારત સરકાર ની માત્ર કોરોનાના કારણે જ મૃત્યુ થયું હોય એવી પદ્ધતિને નકારી કાઢી હતી. સરકારે એવી પદ્ધતિ આપવાની હતી કે માત્ર કોરોનાના કારણે કોઈ વ્યક્તિ મૃત્યુ પામી હોય તો જ તેને કોવીડ મૃત્યુ માનવું. આવા કિસ્સામાં કોઈ વ્યક્તિ પહેલેથી ડાયાબીટીસ, હૃદયરોગ કે અન્ય રોગથી પીડિત હોય અને તેને કોરોનાની અસર થઇ હોય, મૃત્યુ પામે તો તેને કોરોનાના મૃત્યુ તરીકે ગણવામાં આવતું નહી. સુપ્રીમ કોર્ટે દરેક વ્યક્તિને વળતર ચૂકવવાનો આદેશ આપતા સત્તાવાર આંક કરતા ઘણા વધારે લોકોને વળતર મળ્યું છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી દરમિયાન મહારાષ્ટ્ર, ગુજરાત અને આંધ્રપ્રદેશે આંકડા રજુ કર્યા હતા અને કુલ ૧,૬૮,૩૨૬ના સત્તાવાર મૃત્યુ સામે ૩,૭૨,૨૬૧ લોકોએ વળતર માટે અરજી કરી હોવાના એફીડેવીટ ફાઈલ કર્યા હતા. આ દર્શાવે છે કે કેન્દ્ર સરકાર પોતાના સત્તાવાર આંકમાં હજુ પણ આરોગ્ય વિભાગની માત્ર ફોર્મ્યુલા જ જાળવી રાખી છે.

WHO એ પોતે સત્તાવાર રીતે એવી જાહેરાત કરી છે ભારત સરકારના સત્તાવાર આંક કરતા વાસ્તવિક મૃત્યુઆંક ઘણો મોટો છે ત્યારે હવે કેન્દ્ર સરકાર કેવી રીતે અહેવાલ અંગે મંતવ્ય આપે છે તે જોવાનું રહ્યું

કાશ્મીરમાં વહેલી સવારે ૫.૩ની તીવ્રતાનો ધરતીકંપ

કાશ્મીરથી તજાકિસ્તાન સુધીની ધરા ધ્રુજી : લોકો ઘરની બહાર દોડી આવ્યા, અત્યાર સુધી આ ભૂકંપના આંચકામાં કોઈ જાનમાલની નુકસાની સામે આવી નથી

નવી દિલ્હી,તા.૫

જમ્મુ-કાશ્મીરની સવાર ભૂકંપના ઝાટકાથી થઈ હતી. સવારે ૫ વાગીને ૩૫ મિનિટ પર ભૂકંપના તેજ આંચકા અનુભવાયા હતા. કહેવાય છે કે, રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાની તીવ્રતા ૫.૩ હોવાનુ સામે આવ્યુ છે. જોક, આ ભૂકંપનુ કેન્દ્ર બિંદુ તાજિકિસ્તાન હોવાનુ સિસ્મોમીટર પર જોવા મળ્યુ છે.

જમ્મુ-કાશ્મીરના લોકો ભર ઊંઘમાં હતા, ત્યારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જમ્મુ કાશ્મીરમાં વહેલી સવારે ૫.૩૫ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેથી ડરના માર્યે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. અત્યાર સુધી આ ભૂકંપના આંચકામાં કોઈ જાનમાલની નુકસાની સામે આવી નથી. ભૂકંપનુ કેન્દ્ર તજાકિસ્તાન હોવાનુ માપવામાં આવ્યુ છે.

જોકે, તજાકિસ્તાનના પેટાળમાં ૧૭૦ કિમી અંદર ભૂકંપની ગતિવિધિઓ મશીન પર જોવા મળી છે. ગત મહિનાની ૧૮ તારીખે પણ જમ્મુ કાશ્મીરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તે સમયે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૪ માપવામાં આવી હતી. ત્યારે સતત બીજા મહિના જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડર વ્યાપી ગયો છે.

ફ્રાન્સ ભારતને પરમાણુ શક્તિ વધારવા મદદ કરશે

મોદી-ફ્રાંસના રાષ્ટ્રપતિની દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા : મુલાકાત દરમિયાન ફ્રાન્સે ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં ભારતના સમાવેશ માટેના તેના સમર્થનને દોહરાવ્યું

નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાંસના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.



બંને નેતા ભારત ફ્રાંસ રણનીતિક પાર્ટનરશીપના આગલા પગલા માટે મહત્વાકાંક્ષી એજન્ડા તૈયાર કરવા માટે સહમત થયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફ્રાન્સની મુલાકાત દરમિયાન ફ્રાન્સે ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (એનએસજી)માં ભારતના સમાવેશ માટેના તેના સમર્થનને રિપિટ કર્યુ હતુ. એનએસજી માં સામેલ થવાથી ભારતની પરમાણુ શક્તિ ઝડપથી વધવાની અપેક્ષા છે. આ સાથે જ ભારત અને ફ્રાન્સ જી૨૦ ડ્રાફ્ટ હેઠળ મજબૂત સહયોગ જાળવવા માટે સંમત થયા છે. ભારતે કહ્યું છે કે, તે એનએસજીમાં સામેલ થવાના તેમના પ્રયાસો પર નિર્ણય પર પહોંચવા માટે સભ્ય દેશો સાથે વાતચીત કરશે.

એનએસજીમાં ૪૮ દેશોનો સમાવેશ થાય છે, જે પરમાણુ ટેકનોલોજી અને પરમાણુ સામગ્રીના વેપાર અને ટ્રાન્સફરને નિયંત્રિત કરે છે, તેમજ પરમાણુ શસ્ત્રોના અપ્રસારમાં પણ સહકાર આપે છે. ચીને ભારતના એનએસજીમાં સામેલ થવાનો વિરોધ કર્યો છે.

તેની દલીલ છે કે, ભારતે પરમાણુ અપ્રસાર સંધિ પર હસ્તાક્ષર નહોતા કર્યા. એનએસજી

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
બિઝનેસ લોન
50* લાખ સુધી
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો
63599 00968

વેચવાનો છે નવો ફ્લેટ
3 BHK,
નવી સ્કીમમાં
રાંદેસણ - ધોળેશ્વર રોડ
મો. ૯૮૭૫૦ ૩૩૧૯૫

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

સ્વ. રણજીતસિંહ જીલુભા ઝાલા
(રીટાયર્ડ, ડેપ્યુટી સેક્રેટરી)
સ્વર્ગવાસ તા. ૨/૫/૨૦૨૧ને રવિવાર
આપની વિદાયથી અમારા હૃદયના ઘા કદી રૂઝાશે નહીં.
આંખોના આંસુ કદી શુકાશે નહીં.
સમય તો વીતતો જશે પણ
આપની વિદાય કદી ભુલાશે નહીં.
પ્રભુ આપના આત્માને શાંતિ અને સદ્‌ગતિ અર્પે એજ પ્રાર્થના કરીએ છીએ....
ઈન્દુબા રણજીતસિંહ ઝાલા (પત્ની)
૧૦૭૮/૨, સેક્ટર-૬, વાવોલ રોડ, ગાંધીનગર